# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૯-૦૧-૨૦૨૨**

- **ગુજરાત કોંગ્રેસનું "પ્રતિભા શોધ અભિયાન" દિવસભર સોશિયલ મીડિયામાં છવાયેલું રહ્યું.**
- **#SpeakUpGujarat ના હેશટેગ થી કોંગ્રેસ પ્રમુખ શ્રી જગદીશ ઠાકોર અને અગ્રણીઓએ યુવાઓને પ્રતિભા શોધ અભિયાનમાં 1800121000033 પર મિસ્કોલ કરીને ભાગ લેવા આહવાહન કર્યું**

આજે દિવસભર કોંગ્રેસના નેતા, ધારાસભ્યો અને કાર્યકર્તાઓએ યુવાઓને કોંગ્રેસ વિચારધારાના વાહક બનવા સોશિયલ મીડિયાના માધ્યમથી અપીલ કરી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે "આપશ્રી જો કોંગ્રેસની વિચારધારા ધરાવતા હોય અને દેશના વિકાસમાં ફાળો આપવા માંગતા હોય તો કોંગ્રેસ પક્ષમાં આપનું સ્વાગત છે.

અહિંસા,ધર્મનિરપેક્ષતા,સંસદીય લોકશાહી,સર્વાંગી વિકાસ,સામાજીક ન્યાય અને વિશ્વ શાંતિની કોંગ્રેસ પક્ષની વિચારધારા દેશની વિચારધારા છે, કોંગ્રેસ પક્ષ વિશ્વના સૌથી જૂના રાજકીય પક્ષમાંથી એક છે. કોંગ્રેસ પક્ષે આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન આપ્યુ છે.આઝાદી બાદ પણ વિકાસની અવિરત યાત્રામાં કોંગ્રેસનો ફાળો અવિસ્મરણીય રહ્યો છે. દેશ જ્યારે સ્વનિર્ભરતાથી ટાંકણી પણ નહોતો બનાવતો ત્યારે પૂર્વ વડાપ્રધાન આદરણીય સ્વ. શ્રી જવાહરલાલ નહેરૂએ દેશની ધરોહર સમાન નવ રત્નોની સ્થાપના કરી હતી, ત્યારબાદ વડાપ્રધાન સ્વ. શ્રી ગુલઝારીલાલ નંદા, સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રી,સ્વ. શ્રીમતિ ઇન્દિરા ગાંધી,સ્વ. શ્રી રાજીવ ગાંધી,સ્વ. શ્રી પી. વી. નરસિંહા રાવ,શ્રી મનમોહન સિંહ દરેકની દૂરદર્શિતાએ વિકાસની આ યાત્રાને આગળ ધપાવી હતી અને દેશને આત્મનિર્ભર બનાવી વિશ્વફલક પર રજૂ કર્યો હતો.

જો આપ પણ કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે સંમત હોય અને પક્ષના પ્લેટફોર્મ સિવાય કોઈપણ માધ્યમ થકી ભાજપ સામે વૈચારિક લડત લડી રહ્યા હોવ તો આપના માટે રાજકીય કેડી કંડારવું હવે સરળ છે. મૌલિક વિચારો સાથે અસરકારક લેખન શક્તિ ધરાવતા તેમજ આગવી વાકછટા દ્વારા કોંગ્રેસની વિચારધારાને લોકો સુધી પહોંચાડી શકે અને સત્તા પક્ષના અહંકારી શાસન સામે મજબૂત લડત આપી શકે તેવા તમામને કોંગ્રેસ પક્ષ આવકારે છે."

રાજ્યના યુવાઓને આ રાજકીય સફરના પ્રવાસી બનવા નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરી ફોર્મમાં જરૂરી વિગતો ભરવા વિનંતી છે

https://tinyurl.com/PratibhaShodh

યુવાઓની  ક્ષમતાની કસોટી, વકતૃત્વ શક્તિ,લેખન શક્તિ કે નવા વિચારોને જુદા જુદા તબક્કે ઇન્ટરવ્યૂ, પ્રવચન અને સામુહિક ચર્ચા,વિષયના ઊંડાણની ચકાસણી તજજ્ઞો મારફત કરી આગામી સમય પત્રકની જાણ કરવામાં આવશે.

ઉપરોક્ત #SpeakUpGujarat ટ્રેંન્ડ ને સફળ બનાવવા સોશિયલ મિડિયા ડિપાર્ટમેન્ટના પદાધિકારીઓએ ખુબજ જહેમત ઉઠાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી ગુજરાતના ખૂણે ખૂણે યુવાનોને સંદેશો પહોંચાડ્યો હતો



હેમાંગ રાવલ

મિડિયા કોર્ડીનેટર

મો. ૯૮૯૮૨૩૩૦૩૮